# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે.

2) ગૃહ મંત્રાલયે ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા (OCI) સંબંધિત નિયમો કડક બનાવ્યા.

3) સરકારે બાંગ્લાદેશથી શણ આધારિત ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધો લાદ્યા

4) ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો ત્રીજો તબક્કો આજે નવી દિલ્હીમાં યોજાશે

5) રાજસ્થાનના દૌસામાં થયેલા અકસ્માતમાં દસ લોકોના મોત - 11 લોકો ઘાયલ.

6) 19 ઓગસ્ટથી સુબ્રતો કપ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ટુર્નામેન્ટ શરૂ થશે.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-SEMICONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે અને તેના ડિજિટલ ભવિષ્યને સશક્ત બનાવવા અને વૈશ્વિક નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એક મજબૂત ઇકોસિસ્ટમ બનાવી રહ્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પંજાબમાં સેમિકન્ડક્ટર યુનિટ્સને મંજૂરી આપવાના કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયથી ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે, ઉચ્ચ કૌશલ્યવાળી નોકરીઓનું સર્જન થશે અને ભારત વૈશ્વિક સપ્લાય ચેઇનમાં એક મુખ્ય નિકાસકાર તરીકે ઉભરી આવશે.

કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે ઓડિશા, પંજાબ અને આંધ્રપ્રદેશમાં અંદાજિત ચાર હજાર 594 કરોડ રૂપિયાના ખર્ચે ચાર નવા સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમોને મંજૂરી આપી હતી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે આ નિર્ણય લીધો હતો.

## (BYTE- અશ્વિની વૈષ્ણવ–સેમિકન્ડક્ટર)

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ઉત્તર પ્રદેશમાં લખનૌ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-1B ને પણ મંજૂરી આપી છે, જેનો અંદાજિત ખર્ચ પાંચ હજાર 801 કરોડ રૂપિયાથી વધુ છે. તેમણે કહ્યું કે કુલ 12 સ્ટેશનો બનાવવામાં આવશે અને તે પાંચ વર્ષમાં પૂર્ણ થશે.

# REV-MHA-OCI

ગૃહ મંત્રાલયે ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા (OCI) સંબંધિત નિયમો કડક બનાવ્યા છે. મંત્રાલયે કહ્યું કે જો કોઈ વ્યક્તિને બે વર્ષ કે તેથી વધુ કેદની સજા ફટકારવામાં આવે છે, અથવા તેની સામે સાત વર્ષ કે તેથી વધુ કેદની સજાપાત્ર ગુના માટે ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે, તો તેનું OCI નોંધણી રદ કરવામાં આવશે.

OCI કાર્ડ વિદેશમાં રહેતા ભારતીય મૂળના વ્યક્તિઓ અને તેમના જીવનસાથીઓને બહુવિધ-પ્રવેશ, બહુવિધ-ઉદ્દેશીય આજીવન વિઝા, તેમજ ચોક્કસ આર્થિક અને શૈક્ષણિક અધિકારો પ્રદાન કરે છે. નવી જોગવાઈઓ લાગુ કરવામાં આવશે, પછી ભલે કોઈ વ્યક્તિ ભારતમાં દોષિત ઠરે કે વિદેશમાં. જો કે, આ સાથે શરત એ છે કે ગુનાને ભારતીય કાયદા હેઠળ માન્યતા આપવામાં આવે. સરકારના આ પગલાનો હેતુ OCI દરજ્જાને સંચાલિત કરતા કાનૂની માળખાને કડક બનાવવાનો છે, જે વિદેશમાં રહેતા ભારતીય મૂળના નાગરિકોને ચોક્કસ અધિકારો અને વિશેષાધિકારો આપે છે.

ગૃહ મંત્રાલયે નાગરિકતા અધિનિયમ, 1955 અને નાગરિકતા નિયમો, 2009ની જોગવાઈઓ હેઠળ આ સંદર્ભમાં એક સૂચના બહાર પાડી છે, જે કેન્દ્ર સરકારને ચોક્કસ શરતો હેઠળ OCI નોંધણી રદ કરવાની સત્તા આપે છે.

# BANGLADESH-RESTRICTIONS

સરકારે બાંગ્લાદેશથી શણ આધારિત ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધો લાદ્યા છે. શણના કાપડ, સૂતળી, દોરડા અને થેલા જેવી વસ્તુઓ હવે તાત્કાલિક અસરથી મહારાષ્ટ્રના ન્હાવા શેવા બંદર દ્વારા જ ભારતમાં પ્રવેશી શકશે, એમ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે ગઈકાલે બહાર પાડેલા એક જાહેરનામામાં જણાવ્યું હતું.

# FARMERS-GOVT-MEET

દેશભરના ખેડૂતોએ વિદેશના દબાણ છતાં વેપાર કરારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સાહસિક નિર્ણય બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો છે. ખેડૂત સંગઠનોના નેતાઓ અને ખેડૂતોના એક મોટા જૂથે ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મળ્યા હતા. તેમણે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે સરકારના નિર્ણાયક પગલા બદલ આભાર અને સમર્થન વ્યક્ત કર્યું હતું.

વાતચીત દરમિયાન, શ્રી ચૌહાણે પુનરોચ્ચાર કર્યો કે સરકાર ટૂંક સમયમાં નકલી ખાતરો અને રસાયણોનું ઉત્પાદન કરનારાઓ સામે કાર્યવાહી કરવા માટે એક નવો કાયદો લાવશે. તેમણે પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને આપવામાં આવતી વીમા રકમની ડિજિટલ ચુકવણીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ખેડૂતોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓને પ્રાથમિકતાના ધોરણે આગળ ધપાવવામાં આવી રહી છે.

શ્રી ચૌહાણે ખેડૂતોની મહત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કરતા કહ્યું કે ખેડૂતો માત્ર ભારતને જ નહીં પરંતુ વિશ્વને ખોરાક આપવા માટે દિવસ-રાત મહેનત કરે છે. તેમણે એમ પણ કહ્યું કે ખેડૂતો અન્નદાતા અને જીવનદાતા બંને છે

## INFLATION

જુલાઈમાં દેશમાં છૂટક ફુગાવો ઘટીને આઠ વર્ષના નીચલા સ્તરે 1.55 ટકા થયો. જે જૂનમાં 2.1 ટકા હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, જૂન 2017 પછી આ વાર્ષિક ધોરણે સૌથી નીચો ફુગાવો દર છે. દરમિયાન, ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો ઘટીને 1.18 ટકા અને શહેરી વિસ્તારોમાં 2.05 ટકા થયો છે.

## INDIA-SINGAPORE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો ત્રીજો રાઉન્ડ આજે નવી દિલ્હીમાં યોજાશે. કેન્દ્રીય મંત્રીઓ ડૉ. એસ. જયશંકર, નિર્મલા સીતારમણ, અશ્વિની વૈષ્ણવ અને પીયૂષ ગોયલ આ પરિષદમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે નાયબ પ્રધાનમંત્રી ગાન કિમ યોંગ અને વિદેશ મંત્રી જોસેફિન ટીઓ સહિત સિંગાપોરના ઘણા મંત્રી આ બેઠકમાં ભાગ લેશે.

આ મંત્રીસ્તરીય ગોળમેજી બેઠક ભારત અને સિંગાપોર વચ્ચે સહયોગ માટે નવો એજન્ડા નક્કી કરવા માટે મહત્વપૂર્ણ છે. ભારત અને સિંગાપોર વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છે અને મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો ત્રીજો રાઉન્ડ દ્વિપક્ષીય પરસ્પર સંબંધોને વધુ વિસ્તૃત અને ગાઢ બનાવશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RAJASTHAN ACCIDENT

**રાજસ્થાનના દૌસા જિલ્લામાં આજે એક અકસ્માતમાં દસ લોકોના મોત થયા છે અને 11 લોકો ઘાયલ થયા છે.**

**આ દુર્ઘટના વહેલી સવારે દૌસા-મનોહરપુર ધોરીમાર્ગ પર બસડી ચૌરાહા નજીક એક પિકઅપ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. મોટાભાગના મૃતકો ઉત્તર પ્રદેશના એટાહ જિલ્લાના રહેવાસી હતા અને સીકર જિલ્લામાં ખાટુ શ્યામજી મંદિરમાં પ્રાર્થના કરીને પાછા ફરી રહ્યા હતા. દૌસા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ગંભીર રીતે ઘાયલ આઠ લોકોને જયપુરની મેડિકલ કોલેજમાં ખસેડાયા છે, જ્યારે અન્ય ત્રણ લોકોને દૌસા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.**

# FOOTBALL-SUBROTO-CUP

19 ઓગસ્ટથી સુબ્રતો કપ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ટુર્નામેન્ટ શરૂ થશે. 64મા સંસ્કરણમાં 106 ટીમો ભાગ લેશે. આ ટુર્નામેન્ટ 19 ઓગસ્ટથી 25 સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી-એનસીઆર અને બેંગલુરુમાં યોજાશે. દિલ્હી-એનસીઆરમાં અંડર-17 મહિલા મેચ સાથે શરૂ થશે. 2 સપ્ટેમ્બરથી બેંગલુરુમાં અંડર-15 છોકરાઓની મેચ યોજાશે, જ્યારે ટુર્નામેન્ટનો અંતિમ તબક્કો 16 સપ્ટેમ્બરથી દિલ્હી-એનસીઆરમાં અંડર-17 છોકરાઓ માટે રમાશે. ત્રણેય કેટેગરીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની કુલ 106 ટીમો તેમજ ચાર વિદેશી ટીમો સ્પર્ધામાં ભાગ લેશે. ત્રણેય કેટેગરીમાં કુલ 200થી વધુ મેચો રમાશે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને તેલંગાણામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. શુક્રવાર સુધી જમ્મુ અને કાશ્મીરમાં અને 17 ઓગસ્ટ સુધી તેલંગાણામાં અતિ ભારે વરસાદની આગાહી છે.દરમિયાન હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ યથાવત છે. સતત વરસાદને કારણે ભૂસ્ખલન અને વૃક્ષો પડવાની ઘટનાઓ બની છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું છે.હવામાન વિભાગે 14 ઓગસ્ટ સુધી રાજ્યના મોટાભાગના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે, જ્યારે 15 થી 18 ઓગસ્ટ સુધી યલો એલર્ટ રહેશે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : RITESH KAPOOR)

# ECI-NCP-MEET

ચૂંટણી પંચે ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-NCPના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ રાષ્ટ્રીય મહાસચિવ અને NCPના પ્રતિનિધિ બ્રિજમોહન શ્રીવાસ્તવના નેતૃત્વમાં પક્ષના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરી હતી.

આ બેઠક વિવિધ રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષોના પ્રમુખો સાથે ચૂંટણી પંચની ચાલી રહેલી વાતચીતનો એક ભાગ છે. છેલ્લા 150 દિવસમાં કુલ ચાર હજાર 719 બેઠકો યોજાઈ હતી. જેમાં વિવિધ રાજકીય પક્ષોના 28 હજારથી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રૂપલ જાની

- નાગરિકતા અંગે સર્વોચ્ચ અદાલતના નિવેદનના સમાચારને આજના મોટા ભાગના અખબારોએ મુખ્ય શીર્ષક બનાવ્યા છે.
- સર્વોચ્ચ અદાલતના નિવેદનના નિવેદનને ટાંકીને સંદેશ લખે છે, આધાર નાગરિકતાનો નક્કર પુરાવો નહીં, દિવ્ય ભાસ્કરે પણ આજ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- ફૂલછાબ લખે છે આધાર, મતદાર કાર્ડ નાગરિકતાના આધાર નથી
- નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે ભારતની સૌપ્રથમ હાઈડ્રોજન ટ્રેન ટૂંક સમયમાં શરૂ થશે.
- અમુલ ડેરી સંઘની ચૂંટણીના સમાચાર અંગે સંદેશ લખે છે અમુલ ડેરી સંઘની 10મીએ ચૂંટણી-12 સપ્ટેમ્બરે મતગણતરી થશે
- ભાવનગરની હોસ્પિટલને કરાયેલા દંડ અંગે સંદેશ લખે છે HCG હોસ્પિટલને 7.22 કરોડનો દંડ- PMJAY યોજનામાંથી સસ્પેન્ડ